RNI Reg. GUJGUJ/2010/44893

ચોથી જાગીરનો પડકાર

# મુખ્ય સમાચાર

MUKHYA SAMACHAR (DAILY EVENING)
E-mail Id: mukhyasamachardaily@gmail.com

સાંધ્ય દૈનિક

Year : 15, Issue : 219, Dt.03-12-2024 Tuesday Page : 4 Retail Selling Price : Rs. 3/- Published Date : DAILY EVENING (MONDAY TO SATURDAY) Language : GUJARATI

# ગુજરાતની ૪૦,૦૦૦ પ્રિ-સ્કૂલના સંચાલકોની હડતાલ

**રજીસ્ટ્રેશનના આકરા નિયમોનો વિરોધઃ કોઈપણ હેતુનું બી.યુ. માન્ય રાખો : ગાંધીનગરમાં રજુઆત : રાજકોટ સહિતના શહેરોમાં સાંજે રેલી : પ્રિ-સ્કુલ એસો. દ્વારા ફરી અવાજ ઉઠાવાયો**

**મુખ્ય સમાચાર,ગાંધીનગર**

રાજ્યનાં વિવિધ શહેરોમાં ચાલતી પ્રિ-સ્કૂલને લઈ રાજ્ય સરકારે કડક નિયમોની અમલવારી શરૂ કરતા તેના વિરોધમાં પ્રિ-સ્કૂલના સંચાલકો હડતાળ પર ઊતર્યા છે. આજે રાજ્યમાં અંદાજે ૪૦ હજાર જેટલી પ્રિ-સ્કૂલ બંધ રાખી વિરોધ પ્રદર્શિત કરવામાં આવી રહ્યો છે. પ્રિ-સ્કૂલેને લઈ રાજ્ય સરકાર દ્વારા જે નિયમો ઘડવામાં આવ્યા છે તેમાં પ્રિ સ્કૂલ ચાલાવવા માટે સંચાલક પાસે સ્થળ પરનું ઈઝ પરમિશન અને ૧૫ વર્ષની રજિસ્ટર્ડ લીઝ એગ્રિમેન્ટ ફરજિયાત કરવામાં આવ્યું છે. જે શક્ય ન હોવાનું સંચાલકો જણાવી રહ્યા છે અને નિયમો હળવા કરવાની માગ કરી રહ્યા છે.

રાજ્યની મોટાભાગની પ્રિ-સ્કૂલ મહિલા સંચાલિત છે. ત્યારે મહિલાઓએ પણ આ નિયમોના કારણે પ્રિ-સ્કૂલ બંધ થઈ જશે તો પોતાની રોજગારી છિનવાઈ જવાની ભીતિ વ્યક્ત કરી છે.

રાજકોટ સહિત રાજ્યભરમાં આજે પ્રિ સ્કૂલોના સંચાલકોએ હડતાલ પાડી છે જેના પર રાજ્યમાં ૧ લાખ મહિલાઓ નિર્ભર છે તેવી પ્રિ સ્કૂલો માટે એજ્યુકેશનની બિલ્ડીંગ યુઝ પરમિશન અને ૧૫ વર્ષનો ભાડા કરાર શક્ય ન હોવાથી રાજ્ય સરકાર સામે શાંતિપૂર્વક વિરોધ કરી રહ્યા છે. રાજકોટમાં પણ ૫૦૦ જેટલી પ્રિ સ્કૂલો છે જેમાં ૨૫૦૦૦ મહિલાઓ કામ કરી રહી છે. ૧૫ ફેબ્રુઆરી- ૨૦૨૫ સુધીમાં નિયમોની અમલવારી કરવાની છે ત્યારે રાજકોટના પ્રિ સ્કૂલ સંચાલકોએ કહ્યુ કે, જો આ કડક નિયમો અમલી થશે તો ૩૫ વર્ષથી ચાલતો પ્રિ સ્કૂલોનો કોન્સેપ્ટ બંધ થઈ જશે. સાથે જ મહિલાઓની સ્વરોજગારી છીનવાઈ જશે અને ૩ થી ૬ વર્ષના નાના બાળકોને ઘરથી દૂર અભ્યાસ માટે જવું પડશે અને વાલીઓને બાળકોની ચિંતાની સાથે




ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ ભોગવવો પડશે.રાજકોટની પ્રિ સ્કૂલ એસોસિએશનના પ્રેસિડેન્ટ મિલન જોશીએ જણાવ્યું હતું કે, રાજકોટમાં ૩૫ વર્ષથી પ્રિ સ્કૂલો ચાલી રહી છે. રાજકોટમાં ૫૦૦ પ્રિ સ્કૂલ ઉપર ૨૫૦૦૦ જેટલી મહિલાઓ નિર્ભર છે. સરકાર દ્વારા જે પોલીસી ઘડવામાં આવી છે તેમાં ઉચિત ફેરફારો કરવામાં આવે તેવી અમારી માંગણી છે. સૌથી પહેલો પ્રશ્ન બિલ્ડીંગ યુઝ પરમિશનનો છે. જે રહેણાંકની રેસીડેન્સીયલ બીયુ પરમિશન હોય છે પરંતુ નિયમ એજ્યુકેશન બિલ્ડીંગ યુઝ પરમિશન લેવાનો છે. પ્રી સ્કૂલ ઘરની નજીક હોય છે જેથી નાના બાળકોને ત્યાં મોકલવામાં વાલીઓને કોઈ સમસ્યા થતી નથી. બાળકોને ઘરની બહુ દૂર પણ મોકલવા પડતા નથી જેથી ટ્રાન્સપોર્ટેશનનો ખર્ચ પણ બચી જાય છે. ગુજરાત રાજ્ય સરકાર દ્વારા પ્રિ સ્કૂલ ચલાવવા માટે તમામ પ્રિ સ્કૂલ સંચાલકો પાસે સ્થળ પરનું ઈઝ પરમિશન ૧૫ વર્ષનું રજિસ્ટર્ડ લીઝ અગ્રીમેન્ટ વગેરે ફરજિયાત પણે હોવું જરૂરી છે તેની સામે ગુજરાત ફ્રી સ્કૂલ એસોસિએશન દ્વારા ૧૫ વર્ષનું લીઝ અગ્રીમેન્ટ હોવું તે શક્ય નથી કારણ કે પ્રિ સ્કૂલ એ ખૂબ જ નાનુ એકમ છે અને તેના માટે ૧૫ વર્ષ માટે કોઈ પણ આપી શકે તેમ નથી. કારણકે મોટા ભાગની પ્લે સ્કૂલ નાના ઘરમાં અથવા તો બંગલોમાં ચાલતી હોય છે તેથી ૧૧ મહિનાનું ભાડા કરાર થઈ શકે પરંતુ ૧૫ વર્ષ માટે લીઝ અગ્રીમેન્ટ મળી શકે તેમ નથી. પ્રી સ્કૂલને કારણે અનેક મહિલાઓને રોજગારી મળી રહી છે એક તરફ ભારત સરકાર સ્ત્રી સશક્તિકરણ ની વાત કરે છે ત્યાં બીજી તરફ આવી રીતે ગુજરાત રાજ્યમાં નવા નવા નિયમો લાદીને મહિલાઓ આત્માને પર થઈ રહી છે તેને રોકી રહ્યા છે. તેમ ગુજરાત સ્કૂલ એસોસિએશનના જનરલ સાકરેટરી સાગર નાયક એ જણાવ્યું હતું.

## બંધકોને મુક્ત કરવા હમાસને ટ્રમ્પનું અલ્ટીમેટમ

### શપથ પુર્વે આ બંધકોની મુક્તિ નહી કરાય તો અમેરિકા મધ્યપુર્વમાં તબાહી મચાવી દેશે

**મુખ્ય સમાચાર,વોશિંગ્ટન**

આગામી તા.૨૦ જાન્યુઆરીના અમેરિકાના રાષ્ટ્રપતિ તરીકે શપથ લઈ રહેલા પુર્વ પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પે મધ્યપુર્વમાં ઈઝરાયેલ-હમાસ વચ્ચેના યુદ્ધમાં જે રીતે ગાઝામાં ઈઝરાયેલી અને વિદેશીઓને બંધક બનાવીને રાખ્યા છે તેને તુર્તજ મુક્ત કરવા ચેતવણી આપતા કહ્યું કે, તો મારા શપથ પુર્વે આ બંધકોની મુક્તિ નહી કરાય તો અમેરિકા મધ્યપુર્વમાં તબાહી અપાવી દેશે.

પોતાના સોશ્યલ મીડીયા પ્લેટફોર્મ ટુથ સોશ્યલમાં ટ્રમ્પે કહ્યુ કે જો બંધકોને નહી છોડાય તો ગાઝા પટ્ટીના હમાસ આતંકીઓને ગંભીર પરીસ્થિતિનો સામનો કરવો પડશે.

ટ્રમ્પે પોતાના પ્લેટફોર્મમાં એક પોષ્ટ કરીને ચેતવણી આપતા કહ્યું કે ૨૦ જાન્યુઆરી પુર્વે તમામ બંધકોની મુક્તિ જરૂરી છે. જે દિવસે હું ગર્વભેર અમેરિકાના રાષ્ટ્રપતિપદ સંભાળીશ તો જો બંધકો મુક્ત થયા નહી હોય તો મધ્યપુર્વમાં અને તેના આ કામોને ખૂબ મોટી શિક્ષા કરવામાં આવશે.

તેથી તેઓના હિતમાં છે કે બંધકોને અત્યારે જ મુક્ત કરી દેવામાં આવે તે યોગ્ય ગણાશે. તેઓએ લખ્યુ કે અમેરિકાના લાંબા ઈતિહાસમાં કદી કોઈ પર નહી થયો હોય તેવો મોટો હુમલો કરવામાં આવશે.

હમાસે ગત વર્ષે તા.૭ ઓકટો.ના ઈઝરાયેલ પર હુમલો કરતા ૧૨૦૦થી



વધુ ઈઝરાયેલી નાગરિકોના મોત થયા હતા અને સેંકડોને બંધક બનાવ્યા હતા. જેમાં અડધા જેટલા અપહતોમાં ઈઝરાયેલ-હમાસ વચ્ચેના એન્કાઉન્ટરમાં માર્યા ગયા છે પણ હજુ અમેરિકી અને ઈઝરાયેલના ૧૦૦થી વધુ નાગરીકો હમાસની કેદમાં હોવાનું માનવામાં આવે છે.

અમેરિકામાં આગામી મહીને સતાપલટા પુર્વે વિદાય લેતા પ્રમુખ જો બાઈડને એક મહત્વના નિર્ણયમાં ભારત ૧૦૦ સાથેના ૧.૧૭ અબજ ડોલરના સોદાને મંજુરી આપી છે. આ સોદા મુજબ ભારત અમેરિકી કંપનીઓ પાસેથી એન.એચ.૬૦ આર મલ્ટીમીશન હેલીકોપ્ટરના મહત્વના શસ્ત્રો મેળવશે.

ભારતીય સૈન્ય માટે આ એક મહત્વનો લશ્કરી કરાર બની રહેશે. જે હેઠળ ભારતને ૩૦ મલ્ટીફંકશનલ ઈન્ફર્મેશન ડીસ્ટ્રીબ્યુશન સીસ્ટમ જોઈન્ટ ટેકનીકલ રેડીયો સીસ્ટમ મળશે. આ ઉપરાંત ડેટા ટ્રાન્સફર સીસ્ટમ, બહારની વધારાની ઈંધણ ટેન્ક ફોરવર્ડ બુકીંગ ઈન્ફ્રાફેડ સીસ્ટમ સહિતના ઉપકરણો મળશે.

## બાગેશ્વર ધામના ધીરેન્દ્ર શાસ્ત્રીને જાનથી મારી નાખવાની ધમકી

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

બાગેશ્વર ધામના પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીને સોશિયલ મીડિયા પર જાનથી મારી નાખવાની ધમકી મળી છે. પંજાબનાં કટ્ટરપંથી બરજિંદર પરવાનાનો એક વીડિયો સામે આવ્યો છે. આમાં તે કહી રહ્યો છે કે ધીરેન્દ્ર શાસ્ત્રી માટે કાઉન્ટડાઉન શરૂ થઈ ગયું છે. તેમને મારી નાખવામાં આવશે.


પંડિત ધીરેન્દ્ર શાસ્ત્રીએ તેમની સનાતન હિંદુ એકતા પદયાત્રા દરમિયાન હરિહર મંદિર સંબંધિત સંભલ કેસ અંગે નિવેદન આપ્યું હતું, જેને પંજાબનાં કટ્ટરપંથી બરજિન્દર પરવાનાએ અમૃતસર સ્થિત શ્રી હરમંદિર સાહિબ સાથે જોડ્યું હતું. વીડિયો અનુસાર,



પરવનાએ ધીરેન્દ્ર શાસ્ત્રીને પંજાબ આવવાનો પડકાર ફેંક્યો હતો. પંજાબનાં કપૂરથલા જિલ્લાનાં કાદરાબાદ ગામમાં ૨૬ થી ૩૦ નવેમ્બર દરમિયાન પાંચ દિવસીય ધર્મસભાનું આયોજન કરવામાં આવ્યું હતું. કટ્ટરપંથી બરજિંદર પરવાનાએ આ જ સભાનાં મંચ પરથી ધમકી આપી હતી.વિડીયોમાં પરવાનાએ કહ્યું કે, બાગેશ્વર ધામના સાધુએ કહ્યું છે કે, તેઓ પૂજા કરશે અને ત્યાં મંદિર બનાવશે જે શ્રી હરમંદિર સાહિબ છે, જ્યારે ધીરેન્દ્ર શાસ્ત્રીનું નિવેદન શ્રી હરમંદિર સાહિબના સંબંધમાં નથી. તેમનું નિવેદન સંભલના હરિહર મંદિર પર હતું. વીડિયો સામે આવ્યાં બાદ સોશિયલ મીડિયા પર ધીરેન્દ્ર શાસ્ત્રીના સમર્થનમાં નિવેદનો થઈ રહ્યાં છે. જેમાં એન્ટી ટેરરિસ્ટ ફ્રેન્ડ ઈન્ડિયા અને વિશ્વ હિંદુ તખ્ત ચીફ શાંડિલ્યએ બરજિંદર પરવાનાની ધરપકડની માંગ કરી હતી. તેણે પંજાબ અને હરિયાણાનાં ડીજીપીને ફરિયાદ મોકલીને આરોપ લગાવ્યો હતો કે પરવનાએ હિન્દુ-શીખ ભાઈચારા તોડવાનું કાવતરું ઘડ્યું છે.

## સિગારેટ, તંબાકુ, લક્ઝરી વોચ, ડિઝાઈનર કપડા મોંઘા થશે; સાયકલ - નોટબુક સસ્તી કરાશે

- **સોફ્ટડ્રિન્કસ પર ૩૫%નો તોતીંગ નવો દર લાગુ કરવા તા.૨૧ના નિર્ણય**



**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

દેશમાં ચૂંટણીની મોસમ પુરી થતા જ સરકાર ફરી વખત અર્થતંત્ર અને ખાસ કરીને ટેક્ષ કલેકશન વધારવા પર ધ્યાન કેન્દ્રીત કરશે અને તેમાં આગામી તા.૨૧ના રોજ મળનારી જીએસટી કાઉન્સીલની બેઠકમાં સિગારેટ, તંબાકુ અને ટેક્ષટાઈલ ઉપરાંત ખાસ લકઝરી ઉત્પાદનો વધુ મોંઘા બને તેવી શક્યતા છે. સરકારે જીએસટી દરોમાં ફેરફાર માટે ૧૪૮ ચીજોની યાદી તૈયાર કરી છે તેમાં સોમવારે કરાયેલી મહત્વની ભલામણો મુજબ સિગારેટ, તંબાકુ, સોફટડ્રિન્ક અને તેના કાચામાલ આ તમામ પર જે હાલ ૨૮%નો જીએસટી છે તે નવા ૩૫%ના સ્લેબમાં લઈ જવાની તૈયારી છે. હાલ જે રીતે ૫%, ૧૨%, ૧૮% અને ૨૮%નો જીએસટી દર છે તેમાં એક તબકકે ૧૨ અને ૧૮%ના દરોને જોડીને ૧૫%નો નવો સ્લેબ બનાવવા વિચારણા હતી પણ ૩૫%નો સ્લેબ અંગે પ્રથમ વખત સરકારે સંકેત આપ્યો છે. નાણામંત્રી નિર્મલા સીતારામનના અધ્યક્ષપદે તા.૨૧ના જીએસટી કાઉન્સીલની બેઠક મળી રહી છે. આ બેઠક અત્યંત મહત્વની બની રહેશે. જેમાં ટેક્ષટાઈલમાં હાલ જે જીએસટી દર છે તેમાં રૂા.૧૧૦૦ સુધીના કપડા પર ૫%નો જીએસટી દર અને તેનાથી ઉપરની કિંમતના એટલે કે રૂા.૧૫૦૧ થી ઉપરની અને રૂા.૧૦૦૦૦ની કિંમત સુધીના કપડા પર ૧૮% અને તેથી વધુ મોંઘા કપડા પર ૨૮%નો નવો જીએસટી દર લાગુ થશે.

## નવેમ્બરમાં સોનાની આયાત ૩૯૪ ટકા વધી ગઈ

### ગુજરાતમાં નવેમ્બર માસમાં ૨૦.૦૭ ટનની આયાત : ઉંચા ભાવ છતાં સારી ડીમાંડ રહ્યાનો નિર્દેશ

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

લગ્નની સિઝનના કારણે ગુજરાત સોનાનું હોટસ્પોટ બની ગયું છે. ગુજરાતમાં તાજેતરમાં સોનાએ સૌથી વધુ ભાવવધારો જોયો છે. નવેમ્બરમાં સોનાનો ભાવ રૂ.૮૦૦૦૦ પ્રતિ ૧૦ ગ્રામ થઈ જતાં એવી અપેક્ષા રાખવામાં આવી હતી કે ખરીદદારો સોનાની ખરીદી ઓછી કરશે પણ તેનાં બદલે, તેઓ બમણાં થઈ ગયાં, જેનાં કારણે નવેમ્બરની સોનાની આયાત ૩૯૪ ટકા વધી ગઈ હતી.

અમદાવાદ એર કાર્ગો કોમ્પ્લેકસના ડેટા અનુસાર, ગુજરાતમાં નવેમ્બરમાં ૨૦.૦૭ મેટ્રિક ટન સોનાની આયાત કરવામાં આવી હતી, જે ગયાં વર્ષનાં સમાન મહિનામાં માત્ર ૪.૦૬ મેટ્રિક ટન સોનાની આયાત કરતાં ઘણી વધારે છે. દિવાળી નવાં વર્ષનાં ઉત્સવો, લગ્નનાં શુભ મુહૂર્તોની હારમાળાએ, જ્વેલર્સ અને બુલિયન વેપારીઓને પહેલાં કરતાં વધુ વ્યસ્ત રાખ્યાં હતાં.

ઑક્ટો-નવેમ્બરના સમયગાળામાં સોનાની આયાતમાં પાછલાં વર્ષની સરખામણીમાં ૮૦ ટકાનો ઉછાળો જોવા મળ્યો હતો, જોકે આ વર્ષે ભાવ ખરીદદારોની કસોટી કરે છે. ૩૦ ઑક્ટોબરે, સોનું થોડું નીચું ગયું તે પહેલાં તે ૮૨ હજાર રૂપિયા પ્રતિ ૧૦ ગ્રામની સર્વકાલીન ઊંચી સપાટીએ પહોંચ્યું હતું. સોમવારે, અમદાવાદ બજારમાં સોનાનો ભાવ રૂ. ૭૮૭૦૦ પ્રતિ ૧૦ ગ્રામ પર સ્થિર થયો હતો.

આઈબીજેએના ડિરેક્ટર હરેશ આચાર્યએ જણાવ્યું હતું કેસ્રસ્રસોનાની કિંમત અસ્થિર રહી હોવા છતાં, માંગ બે કારણોસર રોકાણ અને લગ્નની સીઝનને કારણે સારી રીતે રહી છે. રોકાણકારો માટે સોનાએ ઊંચું વળતર આપ્યું, જેનાં પરિણામે ઘણાં લોકોએ તેમનાં બુલિયન રોકાણો ચાલું રાખ્યાં છે. વધુમાં તેમણે જણાવ્યું હતું કે, પરિવારમાં લગ્નો હોય તો સોનું ખરીદવું પડતું હોય છે. લગ્નોએ ખાસ કરીને



સોનાની માંગને સારી રીતે ચલાવી હતી. જ્વેલર્સના મતે, અમદાવાદ અને સુરત જેવાં શહેરોમાં શહેરી ખરીદદારો કસ્ટમાઈઝ્ડ ડિઝાઈન્સ પર ઊંચા ભાવ આપી રહ્યાં છે, જે વૈભવી અને વ્યક્તિગતતાની ઝંખનાને દર્શાવે છે તો બીજી તરફ, ગ્રામીણ ખરીદદારો ભાવ પ્રત્યે સંવેદનશીલ રહે છે અને પરંપરાગત સોનાનાં દાગીનાની માંગ કરે છે. ઈન્ડિયા બુલિયન એન્ડ જ્વેલર્સ એસોસિએશનના વાઈસ પ્રેસિડેન્ટ અક્ષ કંબોજે જણાવ્યું હતું કે નસ્રપરંપરાગત રીતે લગ્નો માટે સોનું પસંદ કરવામાં આવતું હોય છે જ્યારે યુવા ખરીદદારો આધુનિક દષ્ટિકોણ રાખે છે અને તેઓ હવે પ્લેટિનમ અને હીરાના દાગીના પસંદ કરતાં થયાં છે.

રસપ્રદ વાત એ છે કે, ઘણાં ખરીદદારો જૂની જ્વેલરીમાં વેપાર કરીને ભાવ વધારાને સરભર કરી રહ્યાં છે, પરંતુ લગ્નો માટે સોનાનું સાંસ્કૃતિક મહત્વ ખૂબ જ વધારે છે.

## દુનિયામાં ઝડપથી ફેલાતો બ્લીડીંગ આઈ વાઈરસ : ૧૫ લોકોની જિંદગી છિનવી


### બ્લીડીંગ આઈ વાઈરસથી આંખોમાં લોહી નીકળવા લાગે છે, વાયરસ આંખોને હાની પહોંચાડી શકે છે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

આંકહોને બ્લીડીંગ આઈ વાયરસ આંખોને અસર કરે છે. સંક્રમિત વ્યક્તિની આંખોમાંથી લોહી નીકળવા લાગે છે. આંખોમાંથી લોહી નીકળવું એ ગંભીર રોગ છે. તાજેતરમાં, ૧૭ દેશોમાં મારબર્ગ, એમપોક્સ અને ઓરેપોચે વાયરસના ફેલાવાને કારણે આ સમસ્યા ઝડપથી વધી છે.

રવાંડામાં આ ગંભીર વાયરસને કારણે ૧૫ લોકોના મોત થયા છે અને સેંકડો લોકો સંક્રમિત થયા છે. પરંતુ આ રક્તસ્રાવ આંખનો વાયરસ (ઈહયયમશક્ષલ ઊુય ટશીતિ) શું છે, તે આંખોને કેવી રીતે નુકસાન પહોંચાડી શકે છે અને તમે તેનાથી પોતાને કેવી રીતે બચાવી શકો છો.

ઈહયયમશક્ષલ ઊુય ટશીતિને વૈજ્ઞાનિક ભાષામાં હેમરેજિક નેત્રસ્તર દાહ પણ કહેવામાં આવે છે. આ એક પ્રકારનું વાઈરલ ઈન્ફેક્શન છે, જેના કારણે આંખોમાંથી લોહી નીકળવા જેવા લક્ષણો થઈ શકે છે. આમાં, આંખોના સફેદ ભાગમાં લોહી ગંઠાઈ જાય છે અને આ વાયરસ ઝડપથી ફેલાય છે.મારબર્ગ વાયરસ અથવા રક્તસ્રાવ આંખના વાયરસમાં, લક્ષણો ૨ થી ૨૦ દિવસ સુધી જોઈ શકાય છે, જેમાં આંખોમાં તીવ્ર બળતરા અને ખંજવાળ, આંખોના સફેદ ભાગમાં લાલાશ અથવા લોહીના ગંઠાઈ જવાનો



સમાવેશ થાય છે. અસ્પષ્ટ દ્રષ્ટિ, માથાનો દુખાવો, ચક્કર, ઉબકા કે ઉલટી અને હળવો તાવ પણ સામેલ છે. આંખના વાયરસથી રક્તસ્રાવ ટાળવા માટે, સાબુ અને પાણીથી વારંવાર હાથ સાફ કરવા મહત્વપૂર્ણ છે. ગંદા હાથથી આંખોને સ્પર્શ કરવાનું ટાળવું જોઈએ; આંખો અને ચહેરો લૂછવા માટે રૂમાલનો ઉપયોગ કરવો જોઈએ. વ્યક્તિએ ચેપગ્રસ્ત વ્યક્તિથી અંતર જાળવવું જોઈએ અને માત્ર આંખના ટીપાં અથવા ડોક્ટર દ્વારા ભલામણ કરાયેલ એન્ટિબાયોટિક્સનો ઉપયોગ કરવો જોઈએ. જો તમે કોન્ટેક્ટ લેન્સ અથવા ચશ્મા પહેરો છો, તો તેને સાફ કરવું પણ મહત્વપૂર્ણ છે.

## શિયાળો પ્રમાણમાં હુંફાળો રહેશે

### આખા શિયાળામાં તાપમાન નોર્મલ કરતા ઉંચુ જ રહેશેઃ ૫ થી ૬ કોલ્ડવેવને બદલે સંખ્યા માત્ર ૨ કે ૪ની જ રહેશે

**મુખ્ય સમાચાર,નવીદિલ્હી**

ભારતમાં શિયાળાનો પ્રવેશ થઈ ગયાના મહિના પછી પણ હજુ કોઈ કડકડતી ઠંડી શરૂ થઈ નથી ત્યારે હવામાન વિભાગે એવી આગાહી કરી છે કે શિયાળો પ્રમાણમાં હુંફાળો જ રહેવાનો છે. શિયાળામાં સામાન્ય રીતે ૫થી૬ વખત કોલ્ડવેવની સ્થિતિ સર્જાતી હોય છે પરંતુ આ વખતે કોલ્ડવેવના દિવસો પણ ઓછા રહેવાની સંભાવના છે.

ભારતમાં નવેમ્બર મહિનો ૧૯૦૧ પછીનો સૌથી ગરમ બની રહ્યાના બીજા જ દિવસે હવામાન વિભાગ દ્વારા આખરી રિપોર્ટ જારી કરાયો છે. નવેમ્બરનું સરેરાશ તાપમાન ૨૯.૩૭ ડીગ્રી રહ્યું હતું જે નોર્મલ ૨૮.૩૫ ડીગ્રી કરતા ૦.૬૨૩ ડીગ્રી વધુ હતુ. ભારતીય હવામાન વિભાગના ડાયરેકટર જનરલ મૃત્યુંજય મહાપાત્રએ જણાવ્યું હતું કે ડિસેમ્બરથી ફેબ્રુઆરીના શિયાળાના મહિનાઓમાં ન્યુનતમ તાપમાન નોર્મલ કરતા ઉંચુ જ રહેવાની સંભાવના છે. દેશના મોટાભાગના ક્ષેત્રોમાં સમાન હાલત રહી શકે છે. શિયાળા દરમ્યાન પાંચથી છ વખત કોલ્ડવેવની સ્થિતિ સર્જાતી હોય છે તેની સંખ્યા પણ આ વખતે ઓછી રહેશે. દક્ષિણના મેદાની ભાગો સિવાય દેશના મોટાભાગના ક્ષેત્રોમાં મહતમ તાપમાન પણ નોર્મલ કરતા વધુ જ રહેવાની સંભાવના છે. મહાપાત્રાએ કહ્યું કે, ઉતર પશ્ચિમ, મધ્ય, પુર્વ અને



ઉતરપુર્વીય ભાગોમાં ડીસેમ્બરથી ફેબ્રુઆરી દરમ્યાન પાંચ થી છ વખત કોલ્ડવેવ ઉભા થતા હોય છે પરંતુ આ વખત માત્ર બે કે ચાર વખત જ આવી સ્થિતિ ઉભી થઈ શકશે. સળંગ ત્રણ દિવસ સુધી ન્યુનતમ તાપમાન દૈનિક કલાયમેટોલોજી વેલ્યુના ૧૦માં ભાગનુ પર્સન્ટાઈલ રહેવાના સંજોગોમાં કોલ્ડવેવની સ્થિતિ ગણવામાં આવતી હોવાનું ઉલ્લેખનીય છે. તેમણે કહ્યું કે હુંફાળા શિયાળા પાછળ પશ્ચીમી વિક્ષોભની ગેરહાજરી એક મોટુ કારણ છે.

ઓકટોબરથી ડીસેમ્બર સુધી ઘઉં, રાયડો સહિતના શિયાળુ પાકનુ વાવેતર થતુ હોય છે. આ કૃષિ પાકને સારી ઠંડી જરૂર હોય છે. કાતિલ ઠંડી ન પડવાના સંજોગોમાં શિયાળુ ઉત્પાદનને અસર થઈ શકે છે.

# એઈડ્સ પ્રિવેન્શન ક્લબ દ્વારા કોલેજ છાત્રોની એઈડ્સ જાગૃતિ રેલી યોજાઈ

## શહેર જિલ્લાની ૧૫૦૦ થી વધુ શાળાના ધોરણ ૯ થી ૧૨ ના છાત્રો એ પોતાની શાળામાં રેડ રિબન બનાવીને જનજાગૃતિનો સંદેશો આપ્યો







(તસ્વીરઃ આનંદ જાવિયા)

રાજકોટમાં ચાલી રહેલી એઈડ્સ જનજાગૃતિ ઉજવણીમાં આજે એઈડ્સ પ્રિવેન્શન ક્લબ અને એનએસએસ કણસાગરા કોલેજ દ્વારા જિલ્લા કક્ષાનો વિશ્વ એઈડ્સ દિવસ ઉજવાયો હતો. જેમાં શહેરની વિવિધ કોલેજના ૫૦૦ થી વધુ છાત્રો જોડાયા હતા. કાર્યક્રમના પ્રારંભે વિવિધ કોલેજો માંથી સેમિનારમાં જોડાનાર તમામ છાત્રોને ચેરમેન અરુણ દવે પ્રાસંગિક માહિતી આપી. એઈડ્સ વિષયક વૈજ્ઞાનિક આધારો વાળી માહિતી આપી હતી. તજજ્ઞ કિરણ અવાસીયાએ સરળ શૈલીમાં એઈડ્સ જનજાગૃતિમાં વિદ્યાર્થી શક્તિ કેવી રીતે જોડાઈ શકે તે બાબતનું માર્ગદર્શન આપ્યું હતું. કાર્યક્રમમાં લાયન્સ ક્લબ ગોલ્ડ રાજકોટના રેશમાંબેન સોલંકી, ડો. પાર્થ પંડ્યા, ક્રિષ્નાબેન પંડ્યા, રાજેશભાઈ દેવાડીયા, સાથે વિવિધ કોલેજના એનએસએસ ઓફિસર ડો. યશવંત ગૌસ્વામી, ડો. પી એમ સખીયા, પ્રધ્યાપક રવિભાઈ રાઠવા, રાહુલભાઈ ગોહેલ અને વી. ઓ .કાચા , સંસ્થાના સેક્રેટરી વિશાલ કમાણી સહિતના મહાનુભાવો હાજર રહ્યા હતા. સેમિનાર બાદ કોલેજ છાત્રોએ વિશાળ રેડ રિબન બનાવી હતી, અને ત્યારબાદ કણસાગરા મહિલા કોલેજ થી સ્વામિનારાયણ મંદિર થી કોટેચા ચોક થી પરત ફરી કોલેજ સુધી વિશાળ એઈડ્સ જાગૃતિ રેલી છાત્રો એ કાઢી હતી. રેલી દરમિયાન ફ્લેક્સ, બેનર, પ્લે કાર્ડનાં માધ્યમથી જનજાગૃતિનો સંદેશ પ્રસરાવિયો હતો. સમગ્ર આયોજનમાં કણસાગરા મહિલા કોલેજની રાષ્ટ્રીય સેવા યુનિટની છાત્રાઓએ સુંદર વ્યવસ્થા સંભાળી હતી. આ કાર્યક્રમમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટી ની વિવિધ કોલેજોના પસંદગી પામેલ છાત્રાઓ પણ જોડાયા હતા. સમગ્ર કાલાવડ રોડ ઉપર એઈડ્સ જનજાગૃતિ નો સુંદર સંદેશ ફેલાવતા રાહદારીઓએ કોલેજ છાત્રોની પ્રશંસા કરી હતી. આજે એ જ પ્રવચનના સંસ્થાના અન્ય આયોજનમાં રાજકોટ શહેર જિલ્લાની ૧૫૦૦ થી વધુ શાળામાં ધોરણ નવ થી ૧૨ ના છાત્રોએ રેબન બનાવીને સમગ્ર જિલ્લાને રેડ રિબન જિલ્લો બનાવ્યો હતો. સમગ્ર આયોજનથી બે લાખથી વધુ છાત્રો જોડાયા હતા, જેમાં જિલ્લાશિક્ષણ અધિકારી કચેરીએ સુંદર સહયોગઆપ્યોહતો.

# રાજકોટના નવા એડી. કલેક્ટર આલોક ગૌતમે સંભાળ્યો ચાર્જ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

૨૦૧૧ની બેન્ચના અધિકારી, સૌરાષ્ટ્રમાં પ્રથમ પોસ્ટિંગ તત્કાલિન એડી. કલેક્ટર ચેતન ગાંધી પૂરવઠા વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર (ગાંધીનગરનો) આજે ચાર્જ સંભાળશે

રાજકોટના એડિશનલ કલેકટર ચેતન ગાંધીની ગાંધીનગર ખાતે બદલી થતા રાજકોટના નવા લક્ષ માં એડિશનલ કલેકટર તરીકે આલોક ગૌતમની નિમણૂક કરવામાં આવી છે.આજે તેઓએ વિધિવત રીતે ચાર્જ પણ સાંભળ્યો હતો.

આલોક ગૌતમ ૨૦૧૧ બેન્ચના અધિકારી છે. તેઓએ અગાઉ ગાંધીનગર ખાતે ચૂંટણીપંચ કચેરીમાં ડેપ્યુટી કલેકટર, તેમજ દાહોદ અને લુણાવાડા ખાતે પ્રાંત અધિકારી તરીકે ફરજ બજાવી ચૂક્યા છે. તેમનું સૌરાષ્ટ્રમાં પ્રથમ પોસ્ટિંગ છે. એડિશનલ ક લેટ ર ચેતન ગાંધી આજે ગાંધી નગર જવા રવાના થશે. સવારે ગાંધીનગર ખાતે પુરવઠા વિભાગના જોઈન્ટ ડાયરેક્ટર તરીકે ચાર્જ સંભાળશે તેવું અધિક કલેક્ટર ચેતન ગાંધીએ જણાવ્યું હતું.


# રાજકોટના કાલાવડ રોડ પર રૂ. ૩.૫૦ લાખના ખર્ચે બનેલા હોકર્સ ઝોનમાં હવે ૮ લાખનો વધુ ખર્ચ કરાશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ મહાનગરપાલિકામાં અધુરા કામ કરી ઝડપી લોકાર્પણ કરવાના અનેક પ્રોજેકટો સામે આવી ચુક્યા છે. રાજકોટનાં કાલાવડ રોડ પરનાં મહિલા હોકર્સ ઝોનમાં પણ આવું જ બન્યું હતું. ગત જાન્યુઆરીમાં માત્ર ચાર દિવાલ અને ૧૮ થડા બનાવીને આ હોકર્સ ઝોન ખુલ્લો મુકવામાં આવ્યો હતો. જોકે ત્યાં શેડ અને શૌચાલયની પ્રાથમિક સુવિધાઓ આપવામાં આવી નહોતી. જેને લઈ હોકર્સ ઝોન છેલ્લા કેટલાક મહિનાઓથી બંધ હતો. હવે મનપા દ્વારા રૂ. ૩.૫૭ લાખના ખર્ચે બનેલા આ હોકર્સ ઝોનમાં રૂ. ૮ લાખનાં ખર્ચે શેડ અને શૌચાલય બનાવવા કામગીરી શરૂ કરવામાં આવી છે.

પ્રાપ્ત વિગત મુજબ ગત જાન્યુઆરી માસમાં હોકર્સ ઝોન શરૂ કરીને તેને ક્રાફ્ટ બજારના નામે શરૂ કરાયો હતો. સ્વસહાયના ગ્રુપો ચલાવતી મહિલાઓએ થડા માટે નોંધણી કરાવી હતી. આ હાટ તા.૬જાન્યુઆરીમાં ક્રાફટ બજાર ભરીને ચાલુ કરી દેવામાં આવી હતી. પણ અહીં સુવિધાઓ ન હોવાથી મહિલા સદસ્યો નારાજ થયા હતા. વધારાની સુવિધાઓ આપવા માટે માગણી કરવામાં આવી હતી. આ હોકર્સ ઝોન માત્ર ચાર દિવાલ અને થડાબનાવીને સુપ્રત કરી દેવાતા તાળા મારવાની સ્થિતિ ઉભી થઈ હતી.

ગતતા. ૬થી ૮ જાન્યુઆરી દરમિયાન ક્રાફટ બજાર ભરાયેલુ જેમાં ૨૮ મહિલા જૂથોએ ભાગ લીધો હતો. આ મહિલાઓનો રૂ. ૨૬ લાખનો માલ પણ વેચાયો હતો. અને મહિલાઓને કમાણી પણ થઈ હતી. તહેવારોમાં ક્રાફટ બજારમાં ભીડ પણ થતી હોય છે. પ્રદર્શન કમ સેલ યોજીને મહિલાઓ સ્વસહાય જૂથો કમાણી થાય તેવા પ્રયાસો થાય છે. ગ્રામ હાટની જેમ



શહેરની મહિલાઓ પણ સ્વરોજગારી મેળવી શકે તે માટે આ ક્રાફટ બજાર શરૂ કરવામા આવ્યું હતું. જોકે સુવિધાનાં અભાવે અહીં મહિલાઓએ બેસવાનું બંધ કરી દીધું હતું. રાજકોટ મનપાનાં આસિસ્ટન્ટ કમિશ્નર કાથરોટિયાએ દિવ્યભાસ્કર સાથેની વાતચીતમાં જણાવ્યું હતું કે, આ મહિલાઓ માટેનું પ્રથમ હોકર્સ ઝોન બનાવવામાં આવ્યું હતું. જેમાં થડાની ફાળવણી એકાદ વર્ષ પહેલાં ડ્રો કરી કરવામાં આવી હતી. પરંતુ ત્યાં શેડ અને શૌચાલય કરવા મહિલાઓ દ્વારા માંગ કરવામાં આવી હતી. જેને કારણે ત્યાં મહિલાઓ બેસતી નહોતી. હાલમાં આ કામગીરી શરૂ કરવામાં આવી છે. જે પૂર્ણ થયા બાદ ફરીથી હોકર્સ ઝોનમાં મહિલાઓ વેપાર-ધંધા કરી શકશે.

# જૂની કલેક્ટર કચેરીમાં સર્વર ડાઉન, વીજળી ગુલ,e-kycમાં ધાંધિયા યથાવત્

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટની જૂની કલેકટર કચેરી ખાતે ઝોન કચેરીનો બે દિવસ પહેલા એક વિડીયો વાયરલ થયો હતો જેમાંય-સુભ માટે લાંબી લાઈનો જોવા મળી હતી. અને એક કલાકમાં જ બારી બંધ કરી દેતા હોવાનો આક્ષેપો પણ લાગ્યા હતા. સાથે જ એજન્ટો ૬૦૦ રૂપિયા લઈને તાત્કાલિક ય-સુભ કામગીરી પૂર્ણ કરી આપે છે. સહિતના આક્ષેપો બાદ કલેક્ટર દ્વારા તપાસના આદેશો પણ આપવામાં આવ્યા હતા. પરંતુ આજે એક બાજુ પુરવઠા વિભાગનો સર્વર ડાઉન અને બીજી બાજુ આજે વીજળી ગુલ થઈ જતા ય-સુભ સહિતની બધી જ કામગીરી ઠપ થઈ ગઈ હતી. તેમજ એજન્ટ નારાજ કારણે સામાન્ય લોકો પણ ભારે રોજ જોવા મળ્યો હતો. ઝોન કચેરીમાં વીજળી ગુલ થઈ જતા તાત્કાલિક ય-સુભ કામગીરી પૂર્વ મામલતદારમાં શરૂ કરવામાં આવી હતી.

અરજદારો મીડિયા સમક્ષ રડી પડ્યા હતા અને જણાવ્યું હતું કે અમે છેલ્લા એક અઠવાડિયા નોકરીમાં રજા રાખી ધક્કા ખાઈ રહ્યા છે. છતાં પણ અમારું કામ થતું નથી આજે સવારે કચેરી આવ્યા ત્યાં વીજળી ના હોવાનું જણાવવામાં આવ્યું છે અને સાંજે ૪:૦૦ વાગ્યે આવવાનું કહ્યું છે ત્યારે અમે આખો દિવસ ધંધા રોજગાર બંધ રાખી અને કચેરી ખાતે આવ્યા છે. અમારી પાસે રોજ રોજ ૧૦૦ રૂપિયાથી રીક્ષા ભડાવવાના રૂપિયા પણ નથી.અધિકારીઓને માત્ર રૂપિયામાં જ રસ છે. હમણાં એજન્ટ મારફત ૬૦૦ આપ્યા તો અમારું કામ સાંજ સુધીમાં થઈ જાય છે. પરંતુ અમારી પાસે આપવાના રૂપિયા નથી અમારી મજબૂરી છે. અરજદારો રડી પડ્યા



હતા. પોતાની વ્યથા ઠાલવી હતી. ઝોન કચેરીના નાયક મામલતદાર અરવિંદ રૈયાણી જણાવ્યું હતું કે એક અઠવાડિયાથી સર્વર ડાઉન છે. અને તેમની જાણ અમે સરકારને પણ કરી છે. આજે વીજળી ન આવવાના કારણે ય-સુભ સહિતની કામગીરી ખોરવાય છે સર્વર ધીમી ચાલી રહી છે. અમે પુરવઠા વિભાગને ઘણો સમય પહેલા રજૂઆત કરી દીધી છે.અને આજથી અરજદારોને ૧૫૦ જેટલા ટોકનો આપવાની શરૂઆત કરી દીધી છે.

શનિવારના રોજ પણ એક વિડીયો વાયરલ થયો હતો. જેમાં લોકોએ રોજ અને જણાવ્યું હતું કે કચેરીમાં એજન્ટો રાજ છે એને જે લોકો ૬૦૦ રૂપિયા આપે છે. તેમનું કામ તાત્કાલિક થઈ જાય છે. એક કલાકમાં જ બારી બંધ કરી દેવામાં આવે છે. ત્યારબાદ કલેક્ટર પ્રભાવ જોશી દ્વારા વિડિયો વાયરલ અંગે પુરવઠા અધિકારીને તપાસના આદેશો આપવામાં આવ્યા હતા.

# રાજકોટની મહાનગરપાલિકાઓની સેવાઓ અંગે શહેરીજનો ૧૫૫૩૦૪ નંબર પર પોતાની ફરિયાદ નોંધાવી શકશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

હાલમાં રાજકોટ મહાનગરપાલિકા દ્વારા મહાનગરપાલિકાની વિવિધ સેવાઓને લગત નાગરિકોની ફરિયાદોની નોંધણી માટે વર્ષ ૨૦૦૮થી અમીનમાર્ગ ખાતે ૨૪ ક્ર ૭ કોલ સેન્ટર ચાલુ કરવામાં આવેલ છે. જેમાં વાર્ષિક ૩.૭૫ લાખ ફરિયાદો નોંધવામાં આવે છે. આ માટે મહાનગરપાલિકા દ્વારા લેન્ડલાઈન નંબર ૦૨૮૧ - ૨૪૫૦૦૭૭ કે જેમાં (૦૫ હન્ટીંગ લાઈન સામેલ છે) તેમજ ટોલ ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ પર શહેરનાં નાગરિકો ફોન દ્વારા તેઓની મહાનગરપાલિકાની સેવાઓ અંગે ફરિયાદો નોંધાવી શકે છે તે પ્રકારની વ્યવસ્થા અમલમાં મુકેલ છે. ભારત સરકારનાં Ministry of Communication Information Technology “p,, Department Of Telecommunications (DOT) દ્વારા ભારતની તમામ મહાનગરપાલિકાઓની વિવિધ સેવાઓ અંગેની ફરિયાદો માટે અલગ અલગ નંબરને બદલે તમામ ફરિયાદોની નોંધણી સમગ્ર દેશમાં એક જ કોમન નંબર દ્વારા કરી શકાય તેવી વ્યવસ્થા શરુ કરવામાં આવેલ છે. આ માટે ૧૫૫૩૦૪ નંબરનો શોર્ટ કોડ અમલમાં મુકવામાં આવેલ છે. ભારત સરકારની આ યોજનાનો અમલ રાજકોટ મહાનગરપાલિકા દ્વારા કરવામાં આવેલ છે. હાલમાં કોલ સેન્ટરનાં નંબર ૦૨૮૧-૨૪૫૦૦૭૭ તેમજ ટોલ - ફ્રી નંબર ૧૮૦૦-૧૨૩-૧૯૭૩નાં સ્થાને શોર્ટ કોર્ડ નંબર ૧૫૫૩૦૪ પરથી લોકો પોતાની મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો નોંધાવી શકશે તેમ, રાજકોટ મહાનગરપાલિકાના મેયર નયનાબેન પેઢડીયા, ડેપ્યુટી મેયર નરેન્દ્રસિંહ જાડેજા, સ્ટેન્ડિંગ કમિટી ચેરમેન જયમીનભાઈ ઠાકર, મ્યુનિસિપલ કમિશનરશ્રી, શાસક પક્ષ નેતા લીલુબેન જાદવ અને શાસક પક્ષ દંડક મનીષભાઈ રાડીયાએ સંયુક્ત યાદીમાં જણાવ્યું હતું.

સમગ્ર દેશમાં એક જ શોર્ટ કોડ નંબર ૧૫૫૩૦૪ દ્વારા મહાનગરપાલિકાઓની સેવાઓ અંગેની ફરિયાદોની નોંધણી. ઉપરોકત નંબર ૧૫૫૩૦૪ને ઈફયિલજ્ઞ્રુ -૧ નંબર તરીકે જાહેર કરવામાં આવેલ છે આથી તમામ ટેલિકોમ ઓપરેટરોને ફરજીયાત પણે આ સર્વિસ પ્રોવાઈડ કરવાની રહેશે. આ ઉપરાંત હાલની કોલ સેન્ટરની સેવાઓને મહાનગરપાલિકાનાં પોતાના ડાર્ક ફાયબર દ્વારા મહાનગરપાલિકાનાં સેન્ટ્રલ ઝોન સર્વર સાથે કનેક્ટ કરવામાં આવેલ છે. આથી લોકોને મહાનગરપાલિકાની સેવાઓ અંગેની પોતાની ફરિયાદો નોંધાવવામાં સરળતા રહેશે. આ ઉપરાંત મહાનગરપાલિકાની વેબસાઈટ, મોબાઈલ એપ તેમજ વોટ્સએપ ચેટબોટ દ્વારા પણ લોકો પોતાની ફરિયાદો નોંધાવી શકે છે.

આમ, હવેથી મહાનગરપાલિકાની સેવાઓ અંગેની ફરિયાદો લોકો ૦૨૮૧-૨૪૫૦૦૭ અને ૧૮૦૦-૧૨૩-૧૯૭૩ને બદલે એક જ શોર્ટ કોડ ૧૫૫૩૦૪ નંબર ડાયલ કરી સરળતાથી નોંધાવી શકશે.

# પશ્ચિમ રેલવે મુસાફરોની વધુ સારી સુવિધા માટે સ્વચ્છ અને આરોગ્યપ્રદ લિનન સુનિશ્ચિત કરાઈ

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ભારતીય રેલવે મુસાફરોને સ્વચ્છતા અને સફાઈ ના ઉચ્ચતમ ધોરણો પ્રદાન કરવા માટે પ્રતિબદ્ધ છે, ખાસ કરીને જ્યારે વાત બેડરોલ અને ધાબળાની આવે છે. મુસાફરી દરમ્યાન આરામદાયક અને આરોગ્યના મહત્વને ઓળખીને, રેલવે એ તેની ખાતરી કરવા માટે કડક પગલાં અમલમાં મૂક્યા છે કે તેની બેડિંગ ની સામગ્રી આ ધોરણોને પૂર્ણ કરે છે તમામ બેડરોલ્સ અને ધાબળાઓને ધોવાની આધુનિક તકનીકોનો ઉપયોગ કરીને નિયમિત સમયાંતરે કાળજીપૂર્વક ધોવા અને સાફ કરવામાં આવે છે. સમર્પિત ટીમો જાળવણી પ્રક્રિયાની દેખરેખ રાખે છે તેની ખાતરી કરવા માટે કે દરેક બેડરોલ કડક ગુણવત્તાની તપાસનું પાલન કરે છે. દરરોજ પશ્ચિમ રેલ્વે તેના ઓન-બોર્ડ પેસેન્જરોને ૧ લાખ બેડ રોલ પૂરા પાડે છે જે દરરોજ ૧,૦૦,૦૦૦ હોટેલ રૂમને લિનન સપ્લાયની સમકક્ષ છે અને તેની તુલના ૧૦૦૦ સો રૂમ હોટલને લિનન સપ્લાય સાથે સરખાવી શકાય છે.

મુસાફરોની સલામતી અને સંતોષ ભારતીય રેલ્વે માટે એ સર્વોચ્ચ પ્રાથમિકતા છે. રેલવેએ એસી કોચમાં બ્લેન્કેટ ક્લિનિંગ પ્રેક્ટિસને સુધારવામાં નોંધપાત્ર પ્રગતિ કરી છે, જેમાં મુસાફરોની સ્વચ્છતા અને આરામને પ્રાથમિકતા આપવામાં આવી છે. ૨૦૧૦માં જે સફાઈનો સમયગાળો ત્રણ મહિનાનો હતો તે હવે ઘટીને માત્ર ૧૫ દિવસ કરવામાં આવ્યો છે. લોજિસ્ટિક્સ પડકારો ધરાવતા વિસ્તારોમાં, આ અંતરાલ ૨૦-૩૦ દિવસ સુધી લંબાઈ શકે છે. આ સિવાય નેપ્થાલિન + ગરમ હવાથી પણ સ્ટરીલાઈઝેશન પણ કરવામાં આવે છે. આ સક્રિય અભિગમ સામાન્ય ઘરગથ્થુ પ્રથાઓથી બિલકુલ અલગ છે, જ્યાં ધાબળા વારંવાર ધોવામાં આવતાં નથી અને મોસમી તડકામાં સૂકવવા માટે છોડી દેવામાં આવે છે. મહત્તમ સ્વચ્છતા અને આરામ સુનિશ્ચિત કરવા માટે, મુસાફરોને બે ચાદર પણ આપવામાં આવે છે - એક બિછાવા માટે અને બીજી ધાબળા સાથે ઓઢવા માટે.

પશ્ચિમ રેલવે ના મુખ્ય જનસંપર્ક અધિકારી શ્રી વિનીત અભિષેક દ્વારા જારી કરવામાં આવેલી અખબારી યાદી મુજબ, વર્ષ ૨૦૧૮ થી વૂલન ધાબળાનો સેવા સમયગાળો ચાર વર્ષથી ઘટાડીને બે વર્ષ કરવામાં આવ્યો છે, જે ગુણવત્તા પર વધુ ધ્યાન કેન્દ્રિત કરે છે. બેડશીટ્સ સહિત તમામ લીનન ને દરેક ઉપયોગ પછી ધોવામાં આવે છે અને ક્ષતિગ્રસ્ત વસ્તુઓને ટાળવા માટે સ્થિતિના આધારે બદલવામાં આવે છે. દરેક લિનન આઈટમમાં વણાયેલ લોગો હોય છે જે તેના રેલ્વે ઝોન અને ખરીદીની તારીખ દર્શાવે છે, જે



ટ્રેસેબિલિટી અને ગુણવત્તાની ખાતરી વધારે છે. ભારતીય રેલ્વે એસી કોચનું તાપમાન ૨૪ ડિગ્રી સેલ્સિયસની આસપાસ જાળવી રાખે છે, વારંવાર ધાબળાની જરૂરિયાત ઘટાડે છે, જ્યારે બેડશીટ્સ મુસાફરોની જરૂરિયાતોને પૂરતા પ્રમાણમાં પૂરી કરે છે.

આ દિશામાં આગળ વધીને, મુંબઈ અને અમદાવાદ સહિત અનેક સ્થળોએ પશ્ચિમ રેલવેમાં યાંત્રિક લોન્ડ્રી સુવિધાઓ બેડશીટ્સ, ઓશીકાના કવર, ચહેરાના ટુવાલ અને ધાબળાનો સ્વચ્છ અને આરોગ્યપ્રદ સ્ટોક જાળવી રહી છે. કુલ એક લાખ બેડરોલ્સ એટલે કે ૨ લાખ બેડશીટ્સ, ૧ લાખ ઓશીકાના કવર અને ચહેરાના ટુવાલ અને ૮૦,૦૦૦ ધાબળા દરરોજ પશ્ચિમ રેલવેની ટ્રેનોમાં મુસાફરી કરતા મુસાફરો દ્વારા ઉપયોગમાં લેવાય છે.

# ધો. ૧૦-૧૨ ની પરીક્ષામાં ૧૩.૭૫ લાખ છાત્રોએ ફોર્મ ભર્યા

## ધો. ૧૨ સાયન્સમાં ૧૦૯૭૮૦ પરીક્ષાર્થીઓના ફોર્મ ભરાયાઃ પરીક્ષાર્થીઓની સંખ્યા હજુ વધશે

**મુખ્ય સમાચાર,રાજકોટ**

ગુજરાત માધ્યમિક અને ઉચ્ચ માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ધો. ૧૦-૧૨ ની પરીક્ષાના ફોર્મ ભરવાનું કાર્ય ચાલુ છે ત્યારે અત્યાર સુધીમાં ધો. ૧૦-૧૨ માં કુલ ૧૩ લાખ ૭૫ હજાર વિદ્યાર્થીઓને પરીક્ષા માટે ફોર્મ ભરયા છે. આ આંકડો વધશે.ગુજરાત માધ્યમિક અને ઉચ્ચતર માધ્યમિક શિક્ષણ બોર્ડ દ્વારા ૨૭ ફેબ્રુઆરીથી ધોરણ-૧૦ અને ૧૨ની પરીક્ષા લેવામાં આવનાર છે. આ પરીક્ષા માટે હાલમાં ઓનલાઈન ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી છે. જેમાં રેગ્યુલર ફી સાથે ફોર્મ સ્વિકારવાની મુદ્દત પુર્ણ થયા બાદ લેઈટ ફી સાથે ત્રણ તબક્કામાં ફોર્મ સ્વિકારવાનું આયોજન કરવામાં આવ્યું છે. હાલમાં ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલુ છે ત્યારે અત્યાર સુધીમાં બોર્ડની પરીક્ષા માટે ૧૩.૭૫ લાખ કરતા વધુ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાઈ ચુક્યા હોવાનું સામે આવ્યું છે. જ્યારે આગામી દિવસોમાં વધુ ફોર્મ ભરાયા બાદ સંખ્યામાં વધારો થશે. ધોરણ-૧૦ માટેના ફોર્મ ૨૨ ડિસેમ્બર સુધી સ્વિકારવામાં આવનાર છે, જ્યારે ધોરણ-૧૨ સાયન્સના ફોર્મ પણ ૨૨ ડિસેમ્બર સુધી સ્વિકારાશે. ધોરણ-૧૨ સામાન્ય ક્ર્કવાહના ૨૪ ડિસેમ્બર સુધી સ્વિકારવામાં આવશે. બોર્ડની પરીક્ષા માટે અત્યાર સુધી કુલ ૧૩૭૫૬૨૫ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જેમાં ધોરણ-૧૦ની પરીક્ષા માટે ૮૬૫૩૯૬ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે. જ્યારે ધોરણ-૧૨




સામાન્ય પ્રવાહ માટે ૪૦૦૪૪૯ વિદ્યાર્થીઓના ફોર્મ સ્વિકારવામાં આવ્યા છે. આ ઉપરાંત ધોરણ-૧૨ સાયન્સમાં ૧૦૯૭૮૦ વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા છે.માર્ચ-૨૦૨૪ની પરીક્ષા માટે સમગ્ર રાજ્યમાંથી ૧૫.૩૯ લાખ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જેમાં ધોરણ-૧૦ માટે ૯૧૭૬૮૭ ફોર્મ ભરાયા હતા. જ્યારે ધોરણ-૧૨ સાયન્સની પરીક્ષા માટે ૧૩૧૯૮૭ ફોર્મ ભરાયા હતા. આ ઉપરાંત ધોરણ-૧૨ સામાન્ય પ્રવાહ માટે ૪૮૯૨૭૯ ફોર્મ ભરાયા હતા. આમ, કુલ ૧૫૩૮૯૫૩ જેટલા વિદ્યાર્થીઓના ફોર્મ ભરાયા હતા. જોકે, ગત પરીક્ષાની સરખામણીમાં હજુ આ વખતે ૧૬૩૩૨૮ જેટલા ફોર્મ ઓછા ભરાયા છે, પરંતુ હજુ ફોર્મ ભરવાની કાર્યવાહી ચાલી રહી હોવાથી આગામી દિવસોમાં વધુ સંખ્યામાં ફોર્મ ભરાયા બાદ આંકડો વધશે.

# આખરે રોગચાળો ઘટ્યો, સપ્તાહમાં ડેન્ગ્યુના ૮ કેસ, મેલેરિયાનો એક દર્દી

## શિયાળાની ઠંડી વધવાની સાથે સાથે મચ્છરજન્ય રોગમાં દેખાયો ઘટાડોઃ મહાનગરપાલિકાના આરોગ્ય તંત્રે રાહતનો શ્વાસ લીધો

**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટ શહેરમાં છેલ્લા બે મહિનાથી મચ્છરજન્ય રોગચાળો ખૂબ વકર્યો હતો. દર સપ્તાહે આંક વધતો જતો હતો. બે સપ્તાહમાં આંક સ્થિર થયા બાદ આખરે ગત સપ્તાહમાં ડેન્ગ્યુના ફક્ત ૮ કેસ નોંધાતા આરોગ્ય તંત્રએ રાહતનો શ્વાસ લીધો છે. જેમ જેમ શિયાળો જામી રહ્યો છે તેમ તેમ મચ્છરજન્ય રોગચાળો ઘટી રહ્યો છે જોકે હવે શ્વસનને લગતા તેમજ વાઈરલ રોગચાળો વધવાની વકી છે. રાજકોટ મહાનગરપાલિકાની આરોગ્ય શાખાના જણાવ્યા અનુસાર શહેરમાં ૨૫ નવેમ્બરથી ૧ ડિસેમ્બર સુધીના સપ્તાહમાં ડેન્ગ્યુના ૮, મલેરિયાના ૧ અને ચિકનગુનિયાના ૨ કેસ નોંધાયા છે. આ સાથે જાન્યુઆરીથી અત્યાર સુધીમાં ડેન્ગ્યુના ૩૭૮, મલેરિયાના ૪૦ અને ચિકનગુનિયાના ૩૮ કેસ આવી ચૂક્યા છે. જોકે આ આંક છેલ્લા બે વર્ષ કરતાં વધુ છે. આમ છતાં ચાલુ વર્ષે કેસ ઘટ્યાનો સંતોષ માનવામાં આવી રહ્યો છે. મચ્છરજન્ય રોગ અટકાવવા માટે મનપાએ જણાવ્યું છે કે, સપ્તાહમાં કુલ ૫૬૪૦ ઘરમા ફોગિંગ કરવામાં આવ્યું છે. મચ્છરના પોરા મળી આવતા ૪૯૬ ઘરને નોટિસ અપાઈ છે જ્યારે ૨૫૧ વ્યવસાયિક એકમોને ૬૫૫૦ રૂપિયાનો દંડ ફટકારવામાં આવ્યો



છે. મનપાએ તાકિદ કરી હતી કે, લોકોએ પોતાના ઘર-ઓફિસ આસપાસ સફાઈ રાખવી અને કચરો એકઠો ન થવા દેવો. રાજકોટ મહાનગરપાલિકા હસ્તકના આરોગ્ય કેન્દ્રોમાં પ્રાથમિક સારવાર આપવામાં આવે છે. જોકે આ કેન્દ્રોમાં જે દર્દીઓ આવે છે તેને આધારે સમગ્ર શહેરમાં હાલ રોગચાળાનું પ્રમાણ કેવું છે તેનો પણ પ્રાથમિક અંદાજ મળી રહી છે. જેમ કે એક સપ્તાહ દરમિયાન ૧૨૬૭ દર્દીને શરદી-ઉધરસની સમસ્યા હોવાનું જણાયું છે તેથી હાલ શિયાળાને લઈને આ સમસ્યા વધે તે શક્ય છે. બીજી તરફ ઝાડા-ઊલટીના ૧૯૬ કેસ નોંધાયા છે જેમાં ઘટાડો આવ્યો છે.

જોકે ટાઈફોઈડના એક જ સપ્તાહમાં નવા ૬ દર્દી આવતા તે દિશામાં કામ કરવું જરૂરી બન્યું છે. આ સિવાય સામાન્ય તાવના ૯૪૨ કેસ નોંધાયા છે જેમાં સ્થિતિ યથાવત્ છે.

MUKHYA SAMACHAR (DAILY EVENING) Publisher, Editor, Printer & Owner : RAJDEEPSINH MANOHARSINH ZALA, Place of Publication : 4/5 Corner Deepak Society, Near Kanaiya Chowk, Raiya, Road, Rajkot-360007 (Gujarat), Printed At :R P PUBLICATION, 31-A JAY JALARAM INDUSTRIAL ESTATE, NH 8B, B/H RUDA TRANSPORTNAGAR, POST-SOKHDA, RAJKOT-360003, GUJARAT

# સસ્પેન્ડ PI પાદરિયા હીરો સ્ટાઈલથી પોલીસમાં હાજર થયા

## તૂરંત જામીન ઉપર છુટકારો, ટેકેદારોએ ફટાકડા ફોડી ઉજવણી કરીઃ

## સરદારધામના ઉપપ્રમુખ પર કથિત હુમલામાં ખૂનની કોશિશની કલમો હટાવાઈ



**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટમાં ચર્ચાસ્પદ સરદારધામના ઉપપ્રમુખ ઉપર જીવલેણ હુમલાની ઘટનામાં પી.આઈ સંજય પાદરીયા સામે હત્યાની કોશિષની કલમ રદ કરવાનો પોલીસે રીપોર્ટ કર્યા બાદ કોર્ટે હત્યાની કોશિશની કલમ રદ કરવા હુકમ કર્યા બાદ સી-સમરી ભરવાનો હુકમ કર્યો હતો. કોર્ટના હુકમ બાદ ગઈકાલે સાંજે પી.આઈ સંજય પાદરીયા ફિલ્મી હીરોની સ્ટાઈલથી તાલુકા પોલીસ મથકમાં હાજર થયા હતા. પોલીસે તેમને નોટીસ પાઠવી તેમને જમીન મુક્ત કર્યા હતા અને ફરી હાજર નોટીસ આપી છે. પીઆઈ સંજય પાદરીયાને નોટીસ આપી જવા દેવામાં આવ્યા બાદ પરિવારજનો અને તેમના સમર્થકોએ તેમનું ફૂલહારથી સ્વાગત કરી ફટાકડા ફોડ્યા હતા જેનો એક વિડીયો સોશિયલ મીડિયામાં વાયરલ થયો હતો.

સરદારધામના ઉપપ્રમુખ અને પૂર્વ કોર્પોરેટર જયંતિભાઈ સરધારા અને જુનાગઢના પીઆઈ સંજય પાદરીયા વચ્ચે ગત ૨૫/૧૧ના રોજ થયલી માથાકૂટ બાદ પી.આઈ પાદરીયા દ્વારા જયંતિભાઈ સરધારા ઉપર જીવલેણ હુમલો કરવામાં આવ્યાની ફરિયાદ બાદ આ મામલે પોલીસે ઉતાવળમાં પીઆઇ સંજય પાદરીયા વિરુદ્ધ હત્યાની કોશિશ જેવી ગંભીર કલમનો ગુન્હો નોંધ્યો હતો. બીજી બાજુ આ બનાવમાં પોલીસે ઉતાવળે ગંભીર કલમ હેઠળ ગુનો નોંધ્યાની વાતો વહેતી થઈ હતી. સમગ્ર ઘટનાના સીસીટીવી ફૂટેજ પણ પોલીસને આપવામાં આવ્યા હતા. જેમાં જયંતિ સરધારાએ જ સૌ પ્રથમ પીઆઈ સંજય પાદરીયાનો કાઠલો પકડીને પાટુ માર્યું હોવાના વિડિયો સોશિયલ મીડિયામાં વાયરલ થતા આ મામલે ડીસીપી ઝોન-૨ જગદીશ બાંગરવાએ ફરી તપાસના આદેશ આપતા સમગ્ર મામલે તબીબી રીપોર્ટ આધારે જયંતિભાઈ સરધારાને થયલ ઈજા જીવલેણ નહી હોવાનું અને પીઆઈ સામે હત્યાની કોશિષની કલમ રદ કરવા પોલીસ દ્વારા કોર્ટમાં રીપોર્ટ કરવામાં આવ્યો હતો. બીજી તરફ આ હત્યાની કોશિષના ગુનામાં એક સપ્તાહથી વોન્ટેડ પી.આઈ સંજય પાદરિયા વતી કોઈ વકીલ નહીં રોકાય તેવો ઠરાવ રાજકોટ બાર એસોસીએશન દ્વારા કરવામાં આવ્યો હતો. પીઆઈ સંજય પાદરીયાનો કેસ કોઈ વકીલ નહી લડે તેવો અગાઉ ઠરાવ કરવામાં આવ્યો હતો પરંતુ ભારે વિરોધ વચ્ચે ગઈકાલે મળેલી રાજકોટ બાર એસોસીએશનની બેઠકમાં આ ઠરાવને અંતે રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો હતો. આ પ્રકરણમાં એક સપ્તાહ થી પી.આઈ સંજય પાદરીયા ફરાર હોય તે વચ્ચે કોર્ટમાં બંને પક્ષના વકીલની દલીલોને સાંભળીને સાંજે કોર્ટ દ્વારા હત્યાની કોશિશની કલમ રદ કરી પોલીસને સી-સમરી ભરવા ઓર્ડર કર્યો હતો.

# જયુબિલી ગાર્ડન પાસે ૧૨ કિલો ગાંજાના જથ્થા સાથે પેડલરની ધરપકડ



**મુખ્ય સમાચાર,રાજકોટ**

રાજકોટમાંથી ડ્રગ્સ-ગાંજા સહિતના નશીલા પદાર્થોને નેસ્તોનાબૂદ કરી કરી નાખવા માટે સ્પેશ્યલ ઓપરેશન ગ્રુપ (એસઓજી) દ્વારા એક બાદ એક દરોડા પાડવામાં આવતાં એસઓજી પીઆઈ એસ.એમ. જાડેજાના માર્ગદર્શન હેઠળ પીએસઆઈ એન.વી.હરિયાણી, એએસઆઈ વિરેન્દ્રસિંહ ઝાલા, હેડ કોન્સ્ટેબલ ઉપેન્દ્રસિંહ ઝાલા સહિતની ટીમે જયુબિલી ગાર્ડનની બાજુમાં બીઆરટીએસ બસ સ્ટેન્ડ પાસે ઉભેલા ચેતન ભરતભાઈ સમેચા (ઉ.વ.૨૧, રહે.નહેરુનગર શેરી નં.૪/૫ના ખૂણે, માલધારી ચોક)ને ૧૧૯૫૦ કિલો ગાંજાના જથ્થા સાથે પકડી પાડ્યો હતો. ચેતન સમેચાએ પૂછપરછમાં જણાવ્યું કે ગાંજાનો આ જથ્થો ટ્રેન મારફતે તે ઓરિસ્સાથી રાજકોટ લાવ્યો હતો. આ પખેપથમાં તેની સાથે એક સગીર પણ હતો જે ફરાર થઈ જવામાં સફળ રહ્યો હતો. અગાઉ તેણે આ રીતે ખેપ મારી હોય કોઈના ધ્યાન પર ન આવતાં બીજી વખત હિંમત કરી હતી. ઓરિસ્સાથી રાજકોટ આવ્યા બાદ તે પોતાના ઘેર જવા માટે બસ સ્ટેન્ડ પર આવ્યો હતો અને બસની રાહ જોઈ રહ્યો હતો. ગાંજાનો આ જથ્થો ઘેર લઈ ગયા બાદ તેમાંથી નાની-નાની પડીકી વાળીને તેનું વેચાણ કરવાનો હતો તે પહેલાં જ પોલીસ પકડી પાડ્યો હતો.

પોલીસે ચેતન પાસે રહેલો ૧૧૯૫૦ કિલો ગાંજો, મોબાઈલ, ટ્રેનની બે ટિકિટ સહિતનો મુદ્દામાલ કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરી હતી.

ઓરિસ્સાથી ટ્રેનમાં સગીર સાથે ગાંજો લાવીને બસની રાહ જોઈ રહ્યો હતોથને પોલીસે દબોચ્યોઃ અગાઉની ખેપ સફળ રહી હોવાથી બીજી વખત પહિંમતથ કરી

# જેતપુરમાં પ્રેમપ્રકરણમાં યુવકનું અપહરણ કરી કાર નીચે કચડી નાખવાનો પ્રયાસ

**મુખ્ય સમાચાર,જેતપુર**

જેતપુરના નવાગઢ હુસેની ચોકમાં રહેતા અને ખીરસરા ગામ પાસે નોનવેજની દુકાન ચલાવતા ૨૧ વર્ષીય યુવાનનું પ્રેમ પ્રકરણમાં યુવતિના પિતા-ભાઈ તથા કાકા સહિતના શખ્સોએ રસ્તામાંથી અપહરણ કરી તેને જાહેર ચોકમાં લઈ જઈ ૧૫ શખ્સોએ હુમલો કરી તેના હાથ-પગ ભાંગી નાખ્યા હતા. તેમજ યુવાનને કાર નીચે કચડી નાખવાનો પ્રયાસ કરવામાં આવતા ઈજાગ્રસ્ત યુવકને સારવાર અર્થે રાજકોટ ખસેડવામાં આવ્યો છે. આ મામલે પોલીસે ફરિયાદ નોંધવા તજવીજ હાથ ધરી છે. મળતી વિગતો મુજબ જેતપુરના નવાગઢ હુસેની ચોકમાં રહેતા સમીર આબીદભાઈ ખેરાણી ઉ.વ.૨૧ નામનો યુવાન ખિરસરા ગામના રોડ ઉપર પોતાની નોનવેજની દુકાનબંધ કરી ઘરે જતો હતો ત્યારે રસ્તામાં સલીમ, અલ્તાફ, મહેબુબ સહિતના શખ્સોએ બે મોટરસાઈકલમાં સમિરનું રસ્તામાંથી અપહરણ કર્યુ હતું. અને તેને ઈલઈ ચોકમાં લઈ જવામાં આવ્યો હતો. જ્યાં સલીમ અલ્તાફ, મહેબુબ સહિતના અન્ય ૧૫ જેટલા શખ્સોએ તેના પર હુમલો કરી હાથ-પગ ભાંગી નાખ્યા હતા. તેમજ તેને કાર નીચે કચડી નાખવાનો પ્રયાસ કર્યો હતો. ઈજાગ્રસ્ત સમીરને રાજકોટ સિવિલ હોસ્પિટલમાં સારવાર અર્થે ખસેડવામાં આવ્યો છે. આ બનાવનું કારણ સમીરે જણાવ્યું કે, તેને એક વર્ષથી નવાગઢની સુનેરા સલીમભાઈ ખીરા સાથે પ્રેમ સબંધ



હોય બે મહિના પહેલા બન્ને મોબાઈલમાં વાતચીત કરતા હોય જે બાબતની જાણ પરિવારજનોને થઈ ગઈ હતી. આઠ દિવસ પહેલા સુમેરાની સગાઈની વાત ચાલતી હોય ત્યારે સુનેરાએ પોતાને સમીર સાથે પ્રેમ સબંધ હોવાનું પરિવારજનોને જણાવી સગાઈની ના પાડી દીધી હતી. જેથી સુમેરાના પિતા સલીમભાઈ તેના કૌટુંબીક અલ્તાફ તથા કાકા મહેબુબ સહિતના શખ્સોએ સમીરનું અપહરણ કરી તેને બેફામ માર મારી હાથ-પગ ભાંગી નાખ્યા હતાં. સમીર નોનવેજનીદુકાન ચલાવે છે અને બે ભાઈ અને એક બહેનમાં વચેટ છે આ મામલે જેતપુર પોલીસે ગુનો નોંધવાતજવીજ હાથ ધરી છે.

# દેવપરામાં કારખાનેદારની હત્યા કરનાર ફાયનાન્સરનું સરઘસ કઢાયું

**મુખ્ય સમાચાર,રાજકોટ**



રાજકોટમાં કોઠારીયા રોડ પર અને તેમાં પણ ભકિતનગર પોલીસ સ્ટેશનની સામેના ભાગે આવેલ ખોડીયાર ચાની હોટલે ઉભેલા કારખાનેદાર યુવક પર તે જ બિલ્ડીંગમાં ફાયનાન્સની ઓફિસ ધરાવતાં માથાભારે શખ્સે છરી વડે હુમલો કરી મોતને ઘાટ ઉતારી દીધો હતો. હત્યા કર્યા બાદ હત્યારો નાસી છુટયો હોય, પરિવારજનોએ ઝડપી લેવા માટે પોલીસને વિનંતી કરી હતી ત્યારે જ પોલીસ ટીમો દ્વારા હત્યારા ફાયનાન્સરને ઝડપી લેવામાં આવ્યો છે. આજે બપોર બાદ હત્યારાને રિમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજૂ કરવામાં આવશે તેવુ પોલીસ સુત્રોમાંથી જાણવા મળ્યું છે. વિગત મુજબ શહેરના આનંદનગર કોલોનીના કવાર્ટર પાછળ ગીતાંજલી પાર્ક-રમાં રહેતા હર્મિશ હંસરાજભાઈ ગજેરા નામના ૨૭ વર્ષિય યુવાન શનિવારે રાત્રીના સમયે કોઠારીયા રોડ પર નીલકંઠ સિનેમા પાસે હતો ત્યારે દોલતસિંહ ઉર્ફે દોલુ ભાવસિંહ સોલંકી નામના શખ્સ દ્વારા જાહેરમાં મેઈન રોડ પર સરાજાહેર છરીના પા ઝીંકી હત્યા નિપજાવવામાં આવી હતી. બનાવ અંગે જાણ થતા રાજકોટ ભકિતનગર પોલીસ, ક્રાઈમ બ્રાંચ સહિત પોલીસ કાફલો ઘટના સ્થળે દોડી જઈ મૃતદેહને પોસ્ટમોર્ટમ અર્થે ખસેડી જરૂરી કાર્યવાહી હાથ ધરી હતી. તપાસમાં હત્યાનું મુખ્ય કારણ કોઠારીયા રોડ પર ખોડીયાર હોટલ આવેલ હોય અને ત્યાં જ ઉપર આરોપી દોલતસિંહ સોલંકીની : ફાયનાન્સની ઓફિસ આવેલ હોવાથી મૃતક યુવાન હર્મિશ બે દિવસ પહેલા ત્યાં બેઠો હતો અને સિગરેટ પીતો હતો.

ત્યારે ઓફિસમાંથી મહિલાઓ બહાર જતી હોવાથી આ સમયે અહીંયા બેસવું નહી તેમ કહી બોલાચાલી કરી હતી અને ફરીથી શનિવારે આ જ બાબતે ભોલાચાલી કરી યુવકને છાતીના ભાગે છરીના બે પા દીધી હતી. ઝીંકી હત્યા નિપજાવી આ હત્યા મામલે આરોપીને ઝડપવા પોલીસે અલગ-અલગ ચાર બે દિવસ પૂર્વે થયેલી માથાકૂટનો ખાર રાખી હત્યા નિપજાવાઈ હતીઃ હુમલાખોર સામે અગાઉ પણ ૧૫ ગુના નોંધાયેલા છે રિમાન્ડ પર લેવાયો ટીમો બનાવી હતી અને હત્યારા ફાયનાન્સરના ઘર તથા તેના આશ્રય સ્થાનો પર દરોડા પાડવામાં આવ્યા હતા. જેમાં પોલીસને સફળતા મળી છે. ગઈકાલે સાંજના સમયે હત્યારા દોલતસિંહને ઝડપી લીધો છે. બપોર બાદ રિમાન્ડની માંગણી સાથે અદાલતમાં રજૂ કરવામાં આવનાર છે તેવુ પોલીસ સુત્રોએ જણાવ્યું છે.

# મોરબી રોડ પર ચામડિયાપરા ખાટકીવાસમાં દારૂની બાતમી આપ્યાની શંકાએ આઠ શખ્સોનો હુમલો

## માતા-પિતા, પુત્રીને ઈજા : જોઈ લેવાની ધમકી આપતા નોંધતો ગુનો

**મુખ્ય સમાચાર,મોરબી**



મોરબી રોડ ઉપર ચામડીયાપરા ખાટકીવાસમાં ગત સાંજે દારૂની બાતમી આપ્યાની શંકાએ મત-પિતા અને પુત્રી ઉપર આઠ શખ્સોએ તલવાર, ધારીયા, પાઈપથી હુમલો કરી ઈજા પહોંચાડી જોઈ લેવાની ધમકી આપતા બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં ફરિયાદ નોંધાવાઈ છે.

મોરબી રોડ ઉપર ચામડીયાપરા ખાટકીવાસમાં રહેતા આસતાબેન મહમદભાઈ ભાડૂલા ઉ.૨૫એ ઘર નજીક જ રહેતા હૈદરબાપુ, અલીબાપુ, ધમબાપુ, સદામબાપુ, હસનબાપુ, સાહિદ, હેદરબાપુની માતા રોશનબેન અને એક અજાણ્યા શખ્સ સામે મારકૂટ કરી, ધમકી આપવા અંગે બી ડિવિઝન પોલીસ સ્ટેશનમાં નોંધાવેલી ફરિયાદમાં જણાવ્યું હતું કે છ માસ પૂર્વે હેદર દારૂના ધંધા સાથે સંકળાયેલો હોય અને પોલીસે દરોડો પાડયો હોય જેમાં કોઈએ ચડામણી કરી હતી કે આ કેસમાં મારા ભાઈ અરબાજે બાતમી આપી છે તેવી શંકાએ બંને વચ્ચે દુશ્મનાવટ ચાલી રહી છે અને બંને વચ્ચે અવારનવાર ઝઘડા પણ થતાં હોય છે દરમિયાન ગત સવારે ભાઈ ઘર નજીક ગાંઠિયા લેવા જતો હતો ત્યારે ધમભાં અને સદામએ કોઈ કારણ વગર ઝઘડો કરી ગાળો ભાંડી હતી બપોરે ત્રણ વાગ્યે પોતે ઘર પાસે હતા ત્યારે એક્સેસમાં ત્રણ શખ્સો ધારિયું અને તલવાર લઈને ધસી આવ્યા હતા અને મારા ઉપર હુમલો કર્યો હતો મારા પિતા મહમદભાઈ બચાવવા વચ્ચે પડતાં તેના ઉપર તલવારથી હુમલો કર્યો હતો પાછળથી અન્ય એક એકસેસમાં અજાણ્યો શખ્સ ધસી આવ્યો હતો અને મને તથા પિતાને ઢીકાપાટુનો માંર માર્યો હતો આરોપીની માતા રોશનબેને મારા માતા સાથે માથાકૂટ કરી જોઈ લેવાની ધમકી આપી હોવાનું જણાવતા પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી છે.

# લીંબડી નજીક હોટેલ પાસે પાર્ક કરેલ ટ્રક પાછળ કાર ઘૂસી જતા બેનાં મોત, ૬ને ઈજા

**મુખ્ય સમાચાર, રાજકોટ**



અમદાવાદ, ઈસનપુર, વિશાલનગર પાછળ મહારાણા પ્રતાપ સોસાયટીમાં રહેતા પિયુષકુમાર શાંતિલાલ ચૌહાણ, પત્ની શારદાબેન, ભાઈ અતુલ ચૌહાણ, તેના પત્ની રમીલાબેન તેની ત્રણેય પુત્રી એશા, જીનલ, સિદ્ધી તથા નાનાભાઈનો પુત્ર જીત તા.૨૪ નવેમ્બરની વહેલી સવારે ૩ વાગ્યે અમદાવાદથી ભાવિક પંચાલની કાર ભાડે બાંધીને દ્વારકા દર્શન કરવા નીકળ્યા હતા. ભાવિક કાર ચલાવતો હતો અને અતુલ તેની બાજુની સીટમાં બેઠો હતો. સવારે પાંચેક વાગ્યે દર્શનાર્થીઓની કાર લીંબડી હાઈવે પર રળોલ ગામના પાટિયા સામે આવેલી રાધિકા હોટલ પાસે પહોંચી હતી.

ચાલક ભાવિકે કાબૂ ગુમાવી હોટલના કમ્પાઉન્ડમાં પાર્ક કરેલી ટ્રક પાછળ કાર ઘૂસાડી દીધી હતી. કાર ચાલક ભાવિક સહિત દર્શનાર્થીઓને ઈજા પહોંચી હતી. ઘાયલોને લીંબડી સરકારી હોસ્પિટલમાં પ્રાથમિક સારવાર આપી વધુ સારવાર અર્થે સુરેન્દ્રનગર અને ત્યાંથી અમદાવાદ લઈ જવાયા હતા. તા.૨૫ નવેમ્બરે સારવાર દરમિયાન દર્શનાર્થી અતુલ ચૌહાણનું મૃત્યુ થયું હતું. કારચાલક ભાવિક પંચાલનું પણ સારવાર દરમિયાન મૃત્યુ થયું હતું. દર્શનાર્થી પરિવાર લૌકિક વ્યવહાર અને સારવારમાં રોકાયેલો હોવાથી તા.૨ ડિસેમ્બરે મૃતક કારચાલક ભાવિક પંચાલ સામે પાણશીણા પોલીસ મથકે અકસ્માત મોતનો ગુનો નોંધાવ્યો હતો.

# અટલ સરોવરના સ્ટાફ કવાર્ટરમાં સુપરવાઈઝર પર બે શખ્સોનો હુમલો



## મુલાકાતીઓ પાસેથી તમાકુ-ફાકી લઈ જે ડબ્બામાં રાખતો તેમાં પાણી નાખી દેતા ડખ્ખો થયો

રાજકોટ શહેરના નવા રીંગ રોડ પર આવેલા અટલ સરોવર સ્ટાફ ક્વાટર્સમાં સુપરવાઈઝરને સક્યોરીટીમેન સહિત બે શખ્સોએ પાઈપ વડે મારમારતા તેમને સારવાર અર્થે ખસેડાયો છે. આ મામલે યુનિવર્સિટી પોલીસ મથકમાં ફરિયાદ નોંધવા તજવીજ શરૂ કરાઈ છે. બનાવની વધુ વિગત અનુસાર અટલ સરોવર સ્ટાફ ક્વાર્ટર્સમાં રહેતા ઈમરાન અકતરઅલી (ઉ.વ.૨૪) નામના યુવાનને રાત્રીના સમયે સિક્યોરીટીમેન ઈમ્તિયાઝ તથા તેમની સાથેના શખ્સે સળિયા વડે માર મારતા તેમને સારવાર અર્થે સિવિલ હોસ્પિટલે ખસેડાયા છે. ઈમરાને જણાવ્યું હતું કે, પોતે અટલ સરોવરમાં સુપરવાઈઝર છે તેમજ આરોપી સિક્યોરીટી ત્યાં ગેઈટ પાસે ફરજ બજાવે છે. ગઈકાલે પબ્લીકને ચેક કરી તેની પાસેથી મળી આવતા ફાંકી, પાન અને બીડી ડબલામાં નાખતો હતો તેમાં પોતે આ ડબલામાં પાણી નાખતા બન્ને વચ્ચે બોલાચાલી થઈ હતી. ફરિયાદી મુળ આસામનો વતની છે. આ મામલે યુનિવર્સિટી પોલીસે ઈમરાનની ફરિયાદ પરથી ગુનો નોંધવા તજવીજ શરૂ કરી છે.

# પોલીસની અરજી બાદ પણ PI પાદરીયા સામે હત્યાના પ્રયાસની કલમ કોર્ટે યથાવત રાખી

શહેરના નવા ૧૫૦ ફટ રીંગ રોડ પર આવેલા શ્યામલ પાર્ટી પ્લોટમાં લગ્ન પ્રસંગ દરમિયાન સરદાર ધામ સૌરાષ્ટ્ર ઝોનના ઉપપ્રમુખ જયંતિ સરધારા અને પીઆઇ સંજય પાદરીયા વચ્ચે મારામારી થવા પામી હતી. જે પ્રકરણમાં પોલીસે પીઆઈ સામે હત્યા પ્રયાસની કલમ દૂર કરવા કોર્ટમાં અરજી કરી હતી. ત્યારે અદાલતે મહાવ્યથાની કલમોનો ઉમેરો તો કર્યો પણ હત્યા પ્રયાસની કલમ દૂર કરવામાં આવી ન હતી. રાજકોટના પાટીદાર અગ્રણી સરદારધામના સૌરાષ્ટ્રઝોન ઉપપ્રમુખ જયંતિ સરધારા પર ખોડલધામમાં સક્રિય ગણાતા પીઆઈ સંજય પાદરીયાએ જીવલેણ હુમલો કર્યો હોવાના આરોપમાં પોલીસે પીઆઈ સામે હત્યા પ્રયાસની કલમ હેઠળ તપાસ હાથ ધરી હતી.જેની તપાસમાં સામે આવેલા સીસીટીવી ફટેજ મુજબ પ્રથમ સરધારાએ પાદરીયાનો કાઠલો પકડી લાત મારી હોવાનું જોવા મળ્યું હતું. તેમજ સરધારના આક્ષેપોની વિપરીત કોઈ બંદૂક જેવું હથિયાર માથામાં માર્યું હોવાનો સીસીટીવીમાં જોવા મળેલું ન હતું. આ તમામ ફટેજના ફોરેન્સિક બાદ તપાસ અધિકારી દ્વારા કોર્ટમાં બી સમરી ભરીને પાદરીયા વિરૂદ્ધ હત્યા પ્રયાસ (૧૦૯) દૂર કરીને મહાવ્યથા (૧૧૭(૨)) ઉમેરવા અરજી કરી હતી. જે અરજીમાં અદાલતે હત્યા પ્રયાસની કલમ તો દૂર ન કરી પણ મહાવ્યથાની કલમનો ઉમેરો કરવાની મંજૂરી આપી હતી. ઉલ્લેખનીય છે કે, આ કેસમાં હવે ચાર્જશીટ બાદ જ ૧૦૯ની કલમ ડીલીટ કરવા આરોપી તરફેથી ડિસ્ચાર્જ અરજી થઈ શકે છે.

# બિલ પાસ કરવાના બહાને પીજીવીસીએલના અધિકારીએ કોન્ટ્રાકટરની પત્ની પર આચયું દુષ્કર્મ

**મુખ્ય સમાચાર, રાજકોટ**

રાજકોટના પીજીવીસીએલ અધિકારી પર કોન્ટ્રાક્ટરની પત્ની દુષ્કર્મ ગુજાર્યાની ફરિયાદ ધ્રોલ પોલીસ મથકમાં નોંધાવતા ચકચાર મચી જવા પામી છે. પીજીવીસીએલનો કોન્ટ્રાક્ટર કોઈ ગુનામાં જેલમાં હતો. જેથી કામના બિલ પાસ કરાવવા સહિતની કામગીરી માટે તેની પત્ની અધિકારીને મળવા જતી હતી. ત્યારે અધિકારીએ પરિચય કેળવી હવાનો શિલાર બનાવી હતી.જેથી આ મામલે પોલીસે હાલ રાજકોટ પીજીવીસીએલ કોર્પોરેટ ઓફિસ પાલ આઈઆરઓ તરીકે ફરજ બજાવતા અધિકારી વિરુદ્ધ ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

બનાવ અંગે વિગત મુજબ ધ્રોલ પોલીસમાં કોન્ટ્રાકટરની પત્નીએ નોંધાવેલી ફરિયાદમાં આરોપીમાં પીજીવીસીએલ કચેરીમાં આસિસ્ટન્ટ સેક્રેટરી તરીકે ફરજ બજાવી ચૂકેલા અને હાલ રાજકોટ ખાતે ઈન્ડસ્ટ્રિયલ રિલેશન ઓફિસર તરીકે ફરજ બજાવતા હિતેન્દ્રસિંહ દિલીપસિંહ રાણાનું નામ આપતા જણાવ્યું હતું કે, તેમના પતિ થોડા સમય કોઈ ગુનામાં જેલમાં બંધ હતા. આ દરમિયાન પીજીવીસીએલના બાકી બિલ બાબતે કોન્ટ્રાક્ટરની પત્ની જામનગર સ્થિતિ પીજીવીસીએલ કચેરીમાં અધિકારી હિતેન્દ્રસિંહ રાણાના સંપર્કમાં આવી હતી. આ દરમિયાન પીજીવીસીએલ અધિકારીએ કોન્ટ્રાક્ટરની પત્ની ઉપર નજર બગાડી હતી અને બાદમાં દુષ્કર્મ પણ આચર્યું હતું. પોલીસ ફરિયાદમાં નોંધાયેલી વિગત પ્રમાણે વર્ષ ૨૦૨૧થી ૨૦૨૪ સુધી ફરિયાદી પર છેડતી અને દુષ્કર્મ કર્યુ હતું.

સમગ્ર મામલે જામનગર જિલ્લા પોલીસના ડીવાયએસપી જયવીરસિંહ ઝાલાએ જણાવ્યું કે, આરોપીએ બિલ પાસ કરી દેશે. બિલના નિકાલ થઈ જશે તેવી લાલચ આપી હતી. બિલ પાસ કરવાની કામગીરી માટે ધ્રોલની હોટલમાં બોલાવી પ્રથમ વખત દુષ્કર્મ આચાર્યુ પછી અવાર નવાર હોટલે બોલાવી કુકર્મ કરતો હતો. હાલ તેની શોધખોળ કરવામાં આવી રહી છે.

# ખોડલધામમાં ગણેશ ગોંડલની હાજરી મુદે ટિપ્પણી કરનાર સામે પોલીસમાં ફરિયાદ

## ગોંડલ ખાતે ખોડલધામ દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં ગણેશને આમંત્રણ આપતા પાટીદાર નેતાએ ખોડલધામનાં આગેવાનને ફોન કરી ધમકાવ્યાઃ ઓડિયો ક્લિપ વાયરલ કરી



**મુખ્ય સમાચાર, ગોંડલ**

ગોંડલ ખાતે ખોડલધામ દ્વારા આયોજિત સ્નેહમિલન કાર્યક્રમમાં ગણેશ ગોંડલને આમંત્રણ આપવા બદલ ગોંડલના પાટીદાર નેતા રાજુ સખીયાએ ખોડલધામનાં રાજુભાઈ સોજીત્રાને ધમકી આપતી અને સમાજમાં વૈમેનસ્ય ફેલાવતી ઓડિયો ક્લિપ વાઈરલ થઈ હતી.જે મામલે જેતપુરના વેપારી અને ખોડલધામના સભ્યએ ગોંડલ સિટી બી ડિવિઝન પોલીસ મથકમાં ફરિયાદ કરતાં પોલીસે ગુનો નોંધી કાર્યવાહી કરી છે.

આ મામલે પોલીસમાંથી મળતી માહિતી મુજબ જેતપુર રોડ પર દાસીજીવણ પાર્ટી પ્લોટની સામે નંદનવન સોસાયટી ગેટવાળી શેરીમાં રહેતાં ઘનશ્યામભાઈ વિનોદભાઈ સોરઠીયાએ નોંધાવેલ ફરીયાદમાં આરોપીમાં રાજુ લવજી સખીયા (રહે. ગોંડલ) નું નામ આપતાં જણાવ્યું હતું કે, તેઓ પાટીદાર સમાજમાંથી છે. થોડા સમય પહેલા ખોડલધામ ખાતે સ્નેહમીલન કાર્યક્રમ યોજવામાં આવેલ હતો. જેમા મહેમાન તરીકે જયોતિરાદિત્યસિંહ જાડેજા (ગણેશ ગોંડલ) પધારેલ હતા.

અન્ય મહેમાનો પણ પધારેલ હતા. કાર્યક્રમ બાદ સોશીયલ મીડીયામાં એક રાજુ સખીયા ઓડીયો કલીપ વાયરલ થઈ હતી.જેમાં ખોડલધામ સમીતીના આગેવાન રાજુભાઈ સોજીત્રા સાથે રાજુ સખીયાની વાતચીત કરતાં હતા.જેમાં રાજુ સખીયાએ રાજુભાઈ સોજીત્રાને કહેલ કે, ખોડલધામના કાર્યક્રમમાં ગણેશ ગોંડલ કેમ બોલાવ્યા, લેઉવા પટેલ સમાજના કાર્યક્રમમાં બીન પટેલને કેમ બોલાવો છો, હવે કોઈ કાર્યક્રમમાં ગણેશ ગોંડલ કે ક્ષત્રીય સમાજના કે અન્ય કોઈ સમાજના લોકોને બોલાવશો તો અમે અથવા અમારી ટીમ સાથે આવીને કોઈ કાર્યક્રમ નહી થવા દઈએ અને જરૂર પડયે હિસા પણ કરીશું, તેવું ભડકાઉ, આપત્તીજનક, તથા બન્ને સમાજ વચ્ચે વૈમેનસ્ય ફેલાય તેવા ઉશ્કેરણીજનક શબ્દો ઉચારયા હતા. અને તેણી ઓડિયો ક્લિપ વાયરલ કરી હતી. ઉપરાંત રાજુ સખીયાએ ભુતકાળમાં પણ બન્ને સમાજ (લેઉવા પટેલ તથા ક્ષત્રીય સમાજ) વચ્ચે વૈમેનસ્ય ફેલાય તેવા ભડકાઉ તથા ઉશ્કેરણીજનક વાક્યો ઉચ્ચારેલ હતા. જેથી આરોપીએ અભદ્ર વાણી વિલાસ કરી બન્ને સમાજની લાગણી દુભાવતા ગોંડલ સીટી બી. ડિવિઝન પોલીસે ગુનો નોંધી તપાસ હાથ ધરી હતી

# મુંજકામાં રીક્ષા ચાલકનો બિમારીથી કંટાળી કર્યો આપઘાત

## રામેશ્વર પાર્કમાં મહિલાએ ઝેરી ટીકડા ખાઇ કર્યો આપઘાત



મુંજકામાં રહેતા રિક્ષાચાલક કિશોરભાઇ ગોરધનભાઇ લીંબાસીયા (ઉ.વ.૪૫)એ બ્લેડથી હાથની નસ કાપી આત્મહત્યા કરી લીધાનો બનાવ ગાંધીગ્રામ-૨ પોલીસ મથકમાં જાહેર થયો છે. તપાસ કરનાર પીએસઆઈ ડી.આર. રત્નુંએ જણાવ્યું કે મૃતકે ચારથી પાંચ દિવસ પહેલા પણ એક હાથમાં બ્લેડથી છરકા કર્યા હતાં. તે વખતે પત્ની હિસ્પિટલે જ જીવ બચી ગયો હતો. ત્યાર પછી પત્ની અને સંતાનો ઘર છોડી જતા રહ્યા હતાં. ગઇકાલે ફરીથી મૃતકે બીજા હાથમાં બ્લેડથી છરકા કરી નસ કાપી નાખી હતી.રાત્રે ઘરે પુત્રો પહોંચતાં મૃતકને ઈજાગ્રસ હાલતમાં જોઇ તત્કાળ સિવિલ લઈ આવ્યા હતાં. જ્યાં ફરજ પરના તબીબોએ મૃત જાહેર કર્યા હતાં. મૃતકને નશો કરવાની ટેવ હોવાની માહિતી મળી છે. બીજા બનાવમાં રૈયા રોડ પરના રામેશ્વર પાર્ક-રમાં રહેતા દિપાબેને બાબુભાઈ નાયર (ઉ.વ.૪૩)એ ગઇકાલે રાત્રે ઘરે ઘઉંમાં નાખવાના ઝેરી ટીકડા ખાઇ લેતાં સિવિલમાં ખસેડાયા હતાં. જ્યાં રાત્રે સારવાર દરમિયાન મૃત્યુ નિપજ્યું હતું. ગાંધીગ્રામ-૨ પોલીસના તપાસનીશે જણાવ્યું હતું કે દિપાબેનના છૂટાછેડા થઈ ગયા હતા. હાલ બે પુત્રો સાથે રહેતા હતાં. ડાયાબીટીસ અને બીપી સહિતની બિમારીઓ ઉપરાંત મણકાની તકલીફ હતી. જેનાથી કંટાળી આપઘાત કરી લીધાની માહિતી મળી છે.